**Vidhyayana - ISSN 2454-8596**

An International Multidisciplinary Peer-Reviewed E-Journal

**www.vidhyayanaejournal.org**

**Indexed in: ROAD & Google Scholar**

# 'વરસાદ' આસ્વાદ્ય નિબંધ

ડો.નીતલકુમારી પી પટેલ

ગુજરાતી નિબંધ સર્જનક્ષેત્રે મણિલાલ પટેલનું નામ જાણીતું છે. એમની પાસે નિબંધ ઉપરાંત નવલકથા, કવિતા, સંપાદન, વિવેચન ક્ષેત્રે માતબર સર્જન પ્રાપ્ત થયું છે આમ તો કોઈ એક સ્વરૂપ સાથે એમનું નામ જોડવું ઉચિત નથી. દરેક સ્વરૂપમાં એમનું પ્રદાન નોંધપાત્ર રહ્યું છે. એમણે ખેડેલા દરેક પ્રકારમાં તેમની સર્જક પ્રતિભા આપોઆપ ઉપસી આવે છે. શિષ્ટભાષા પ્રયોજન ઉપરાંત તળભૂમિ સાથેનો નાતો એમની કૃતિમાં માણવા જેવો છે.

અહીં એમના ઋતુઓ પ્રત્યે પ્રગટ થતો પ્રેમ ‘વરસાદ’ નિબંધ વિશે અભ્યાસ કર્યો છે. ઋતુલીલાનાં જુદાં જુદાં ચિત્રો આપતા સર્જક મણિલાલ હ. પટેલ વર્ષાની વાત કરતા વિશેષ ખીલે છે. વર્ષાઋતુ તો એમને મન માનવ અને પ્રકૃતિની જીવનગતિનું નિયમન કરનારી દેવી સમાન લાગે છે. વરસાદના કારણે પ્રકૃતિના જે રહસ્યો ઉજાગર થાય છે. તેનું આલેખન આ નિબંધમાં કેવું સરસ જીવંત બનીને આવ્યું છે.

“‘વરસાદ’ બધું જ બદલી નાખે છે.  માટીમાં છાંટા પડે ને તરત માટી સુગંધના ફુવારા છોડે છે. અરે! માટી કેટલી સુગંધો સાચવીને બેઠી છે - એના રહસ્યો તો પછી ફૂલોની મોસમમાં ઉજાગર થશે - રંગોનું એક અચરજકર વિશ્વ પોતાની ભીતરમાં ભંડારીને પડી રહેલી માટી પહેલા વરસાદે મહેકવા માંડે છે. ભીની માટીની મહેકનું અસ્તર ગામને વીંટવાળ વળે છે એની સુગંધનું એક ઝીણું મલીર સીમ વગડામાં લહેરાવા માંડે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

ખેતરનો ચહેરો ચળકવા લાગે છે. આખો ઉનાળો તોફાની છોકરાની જેમ વાયરે ચડેલી અને કૈંક છકેલી ધૂળને વરસાદ પાછી માટી સાથે મેળવી દે છે. એને ઠારે છે ને પોતાનું ઘર બનાવે છે. અંકુરિત થવાનું એનું કામ એને ભળાવે છે. ભેજ સાથે એનો સંયોગ થાય છે. પરિરંભણ તથા અનુનય... ઘરની પછીતમાં ને ગામને પાદરે માતાના જવારા જેવા લીલાછમ અંકુરો, પ્રગટાવતી ધૂળ, ના હવે એ ધૂળ નહિ પણ ધરતી બની જાય છે. કન્યા પ્રિયજનને પામીને પછી મા બને છે. તેમ આ માટી વરસાદને પામીને સૌભાગ્યવતીનો સાજ સજે છે પવનનો સ્પર્શ એના ડિલે તૃણોને ડોલાવે છે... આ લય હિલ્લોળ એને વહાલો લાગે છે. હવે તો વરસાદને શત્ શત્ પાંદડે ઝીલે છે... ઢળતી રાતોમાં છમ છમ છમ એ ગાય છે... ક્યારેક સવારે તૃણોથી ટોચે તગતગતા એમના બુંદ બુંદ પગલા તમે જોયા છે.. ધૂળ હવે તૃણ થઈને ઘૂઘરીયાળાં ઝાંઝર પહેરવા લાગી છે." (પૃ-૧૫)

વર્ષાને લીધે પ્રકૃતિમાં જે રંગદર્શિતા આવી છે એનું નિબંધ ક્યારે ઉત્સાહપૂર્વક નિરૂપણ કર્યું છે. વરસતા વરસાદના કારણે પ્રકૃતિના જે રહસ્યો વિકસિત થાય તેનું સુંદર વર્ણન પણ કર્યું છે. ફૂલોની મોસમ ઉજાગર થશે, ભીતરમાં માટીની સુગંધ મહેકવા માંડે, સીમવગડા લહેરાવવા માંડશે, ખેતરનો ચહેરો ચમકવા લાગશે - આમ એક પ્રકારની બધે પ્રસન્નતા અનુભવાય છે ઉપમાઓના બળે કરેલું વરસાદનું વર્ણન આસદક બન્યું છે 'માતાના જવારા જેવા લીલાછમ અંકુરો' – નિબંધકારે અહી અલંકાર – કલ્પનોની વૈવિધ્યભરી સૃષ્ટિને

કુશળતાથી ઉપયોગમાં લીધી છે. આજ રચનામાં પહાડો અને વનમાં પડતા વરસાદનું શબ્દચિત્ર જોઈએ -

"વરસાદી વાદળીઓ વીંટવાઈ વળે છે પહાડોને. ડેરા નાખે છે ઘનશ્યામ શિખરે શિખરે. ખીણોમાં ઊતરે છે ધારાઓ. વૃક્ષો પાછાં વરણાગી થઈ જવા ચાહે છે. પાંદડે પાંદડે પલળતી વેળાઓ નેહ થઈ નિતરે છે. વનદેવતા હેઠો ઊતરે છે આકાશેથી. ચોખ્ખા વદન કહોને વર્ષાવદન ધારે છે તરુવરો સહેજ ઝૂકીને સલામ કરતા વૃક્ષો, પાંદડા, ડાળીઓ... અને વાયરે લહેરાતા વનોના વૃક્ષો મદોન્મત્ત વનરાજ જેવા. કાળી ઘટાઓ બોલાવે, ડરાવે. પહાડો પણ ફૂણા પડે. જડ પથ્થરો લીલધારી સુંવાળા થાય. ઉનાળે રાગ ખોઈ બેઠેલુ નિર્ઝર પાછું લયાન્વિત થઈ જાય... ઘનઘોર રાતોમાં એનો કંઠ વિરલ માધુર્યનો પર્યાય બની રહે. નદી એના જળમંત્રોને વધારે પ્રાણવાન કરતી કરતી આગળ વધે. ક્યાંક જટાધારી સાધુ કે વિશાળ વડ બેઉ તપ કરે... માથે નીલાકાશ ઢોળાયા કરે... જગતમાં જાણે કશે જ કલેશ નથી એવો અનુભવ વનોમાં વર્ષા ટાણે થાય છે. (પૃ-૧૬)

વર્ષા પ્રત્યેની નિબંધકારની મુક્ત આસક્તિ અહીં પ્રમાણિત શકાય છે. ઈડર આસપાસના પહાડોની સૃષ્ટિને વર્ષાઋતુના પરિસરમાં સર્જક ચેતના ઉજાગર કરવાનો પ્રયત્ન કરે છે. વર્ષાઋતુના સૌંદર્યાનુભવને નિબંધકાર આરણ્યક પરિમાણ સંદર્ભે વ્યક્ત કરે છે. ઉક્ત કાવ્યમય વર્ણન દ્વારા નિબંધકારે આ રચનામાં

વર્ષાઋતુ નો આપણને સાક્ષાત્કાર કરાવ્યો છે નિબંધકારે આપણી સામે પ્રત્યક્ષ કરેલા વર્ષાના રૂપો, વર્ષાનો વૈભવ સાથે તેની લીલા આપણને રોમાંચિત કરવાની સાથે આનંદવિહ્વળ કરી મૂકે છે. અહીં પહાડોની વનરાજીની સુંદરતા અને ભવ્યતાનું રસપાન કરાવ્યું છે. સર્જકે વનરાજી અને જલના પ્રાકૃતિક તત્વોની સૌંદર્ય ગુંથણી કરી છે. વૃક્ષો અને જલ પ્રત્યે સર્જક ને સહજ આકર્ષણ છે. પ્રાકૃતિક તત્વો સાથે સર્જકનો 'હું' એકાકાર બનતો જોઈ શકાય છે. તેમની નિબંધ કલાના તથા ભાષાના ઉત્કૃષ્ટ પ્રમાણો આ રચનામાંથી પ્રાપ્ત થાય છે. આમ અહીં સર્જકે વર્ષાની વૈવિધ્યપૂર્ણ લીલાઓનું વર્ણન કર્યું છે. આ બધા વર્ણનો સર્જકના સ્પર્શથી સજીવન થઈ ઊઠે છે. સર્જક આ સૃષ્ટિના રહસ્યને ઊંડાણપૂર્વક પામવાનો પ્રયત્ન કરતો હોય એવું લાગે છે. સર્જકે કરેલું વરસાદનું આ ચિત્ર આપણને શીતળતા અને અહલાદકતાનો અનુભવ કરાવે છે અને આ રચના દ્વારા સર્જકની રમણીય દ્રષ્ટિ નો આપણને પરિચય થાય છે. અહીં વરસાદની વધામણી કરતા પક્ષીજગતનું આલેખન પણ સર્જકે કર્યું છે, જુઓ -

"વરસાદની વધામણી ગાથા સૂડાટોળા સવારે ને સાંજે વૃક્ષોને ગજાવી મૂકે છે. કોયલ વધારે માધુર્ય સાથે પ્રિયજન માટે ટહુકા કરે છે. પાંખો પર ભીનું આકાશ લઈને કબૂતરો ઉડ્યા કરે છે. બુલબુલ ના ગાવામાં વધારે ભાવ ભળ્યો છે. કાગડા બોલે છે તે કર્કશ નથી લાગતું. હવે ભારદ્વાજની ગહેકમાં ખાસો ભય છે. ચકલીઓ માળામાં મૂંગી મૂંગી બેસી રહે છે. દરજીડો માળો કરવા અધીરો ઉડે છે. એનો અવાજ હવાના વસ્ત્રમાં બખિયા

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

જેવો ગુંથાતો રહે છે. બોલકી કાબરો માળો કરવામાં મસ્ત છે. હોલારામની ભક્તિ વરસાદે વધુ નીતરી થઈ આવેલી સંભળાય છે. કવિની કવિતામાં જીવનમર્મ ઘૂંટવાની આ સ્તો વેળા છે..” (પૃ-૧૬)

પ્રાકૃતિક તત્વના નિરૂપણમાં એમના મનની પ્રસન્નતા છલકાતી જોવી એ પણ લહાવો બની રહે છે કોયલ, કાગડો, કબૂતર, બુલબુલ, ચકલીઓ, દરજીડો જેવા પ્રકૃતિના તત્વો નિબંધકારના સ્નેહનું ભાજન બનીને આ સૃષ્ટિમાં આવતા રહ્યા છે. મણિલાલ હ. પટેલની આ રચનામાં કાવ્યમય ગદ્યનું રમણીય પ્રાસાદિક અને ચિત્તહારી વર્ણન જોઈ શકાય છે. નિબંધકારની સંવેદના અને તેના વિચાર ચિંતનને સ્પષ્ટ રીતે વ્યક્ત કરી આપતી ભાષા અહીં પ્રયોજાઈ છે. કલ્પન અને અલંકાર નો વૈભવ આ રચનામાં સવિશેષ જોવા મળે છે. આ ઋતુમાં સર્જક અદભુત આનંદનો અનુભવ કરે છે, ને જાણે કોઈ આનંદની ક્ષણે પુનર્જન્મ થયો એવું લાગે છે. આ રચનાની વાક્યરચના સુંદર અને સમૃદ્ધ છે. એટલું જ નહીં પણ આ રચનામાં એક એક શબ્દો સર્જકના ભીતરની લાગણીનો અહેસાસ કરાવે છે. આ વર્ષાઋતુ તો સર્જક ને નવો અર્થ અને નવી તાજગીભરી ભાષા આપે છે. ભાષા વડે પળોટાતી વર્ષાઋતુની ચિત્રસૃષ્ટિ વચ્ચે આપણે પણ ખોવાઈ જઈએ છીએ. અહીં આપણે સર્જકના ‘હું’ ને સર્જનાત્મક રીતે પ્રગટ થતો આ રચનામાં જોઈ શકીએ છીએ. આ રચનાનો નિબંધ રૂપે પોતાની આગવી પ્રતિભાથી ભાવક સમક્ષ જે ઉઘાડ થાય છે તેમાં સર્જકનો એક સહૃદય કવિ તરીકે નો પરિચય થાય છે. ઉપમા, રૂપક આદિ અલંકારોનો સમુચિત ઉપયોગ કરી સર્જક ભાષા સૌંદર્યની નિષ્પતિ કરે છે. આ નિબંધના મધ્યમાં

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

કાવ્યાત્મક ભાષાનો વિનિયોગ સર્જકના નિબંધનું આગવું પરિમાણ છે. આ ઉપરાંત વરસાદના સુંદર રૂપો સભરતાથી ઇન્દ્રિયપ્રત્યક્ષથી તેમણે આપ્યા છે. મણિલાલ હ. પટેલની નિબંધરચનામાં પ્રકૃતિરાગ અને કલ્પનારાગ અવારનવાર જોવા મળે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**સંદર્ભ સૂચિ -**

તંત્રી: કિશોરસિંહ સોલંકી, સામયિક 'શબ્દસર'

ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ, સમર્પણ આર્ટ્સ

એન્ડ કોમર્સ કોલેજ -

ઓક્ટોબર-નવેમ્બર ૨૦૦૩

અંક - ૩૧, ૩૨ પૃષ્ઠ-૧૫

એજન - પૃષ્ઠ-૧૬

એજન - પૃષ્ઠ-૧૬